એન.એ/શરતભંગ/એસ.આર./ ૨૪ /૨૦૦૯–૧૦

નં.જમીન/કલમ–૬૬/વશી/ ૭૦૪ /૨૦૦૯
કલેકટર કચેરી, બિનખેતી શાખા, વડોદરા
તા.૦૪ / ૧૨ /૨૦૦૯

વાંચ્યા :

૧. બીનખેતીના હુકમની મુદત વધારી આપવા માંગણી કરતી શ્રી પટેલ પ્રવિણચંદ્ર આશાભાઈ વિગેરે ની તા.૨૩/૧/૨૦૦૮ ની અરજી.

૨. મે.જીલ્લા વિકાસ અધિકારીશ્રી ના હુકમ નં.એલ.એન.ડી./એસ.આર./૧૪૩/૨૦૦૧–૨૦૦૨ તા.૧૬/૧૦/૨૦૦૨

૩. ગુજરાત સરકાર,મહેસુલ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક /બખપ/૧૦૦૬/૪૨૫/ક તા.૧/૭/૨૦૦૮

૪. જમીન મહેસુલ કાયદાની કલમ–૬૫ , ૬૬ તથા ૬૭/અ

જમીન મહેસુલ નિયમોના નિયમ ૮૧(૨)

// હુકમ //

(૧) **મોજે બાપોદ તા.વડોદરા ના સ.નં.૩૯૩ ની ૩૬૩૧૯ તથા સ.નં.૪૦૫ ની ૭૫૮૮ ચો.મી. મળી કુલ ૪૩૯૦૭ ચો.મી.પૈકી ૪૧૧૩૬ ચો.મી. જમીન મે.ભગીરથ ડેવલોપર્સ પેઠી તર્ફે અને વતી વ.ક. (૧)શ્રી પુરૂષોતમ અમથાભાઈ વાઘેલા તથા (૨)શ્રી ભીખાભાઈ વીરજીભાઈ રાણપુરા** ના ખાતે ચાલતી જમીન માં વંચાણ–૧ ના તા.૨૩/૧/૨૦૦૮ ના પત્રથી શરતભંગની કાર્યવાહી કરવા પ્રકરણ અત્રે આવેલ છે.

(૨) સવાલવાળી જમીનની અત્રેની કચેરીના વંચાણ–૨ના હુકમથી રહેણાંકના હેતુ માટે બાંધકામ કરવા માટે પરવાનગી આપવામાં આવેલ છે.

(૩) મામલતદારશ્રી,બિનખેતીએ તપાસ કરતા બિનખેતીના હુકમ મુજબ સ્થળે સમય મર્યાદામાં બાંધકામ કરેલ નથી. આમ વંચાણ – ૨ ના હુકમની શરત નં. ૬ નો ભંગ કરેલ છે.

(૪) બિનખેતીના હુકમની શરતોના ભંગ બદલ અરજદારશ્રીએ દંડની **રકમ રૂ.૪,૧૧,૩૬૦/–(અંકે રૂપિયા ચાર લાખ અગિયાર હજાર ત્રણસો સાઈઠ પુરા) તા.૧૩/૧૦/૨૦૦૯** ના રોજ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા,વડોદરા, મેઈન શાખામાં જમા કરાવી અસલ ચલણ રજુ કરેલ છે.

(૫) સબબ મોજે બાપોદ તા.વડોદરા ના સ.નં.૩૯૩ ની ૩૬૩૧૯ તથા સ.નં.૪૦૫ ની ૭૫૮૮ ચો.મી. મળી કુલ ૪૩૯૦૭ ચો.મી.પૈકી ૪૧૧૩૬ ચો.મી. જમીન અંગેના વંચાણ–૨ના બિનખેતીના હુકમની બાંધકામ પુર્ણ કરવાની શરત નં.૬ ની મુદતમાં આ હુકમ થયા તારીખ થી વધુ ૧ વર્ષ માટે વધારો કરી આપવા તથા વંચાણ–૨ના હુકમની બાકીની તમામ શરતોનું પાલન કરવાની શરતે આથી હુકમ કરવામાં આવે છે.

રવાના કર્યુ
મામલતદાર (બિનખેતી)
કલેકટર કચેરી, વડોદરા

સહી/–
(વિજય નેહરા)
કલેકટર વડોદરા

AATM PREMI GROUP
PARTNER

રજી.પો.એડી.થી
વડોદરા
પ્રતિ,

(૧) શ્રી પ્રવિણચંન્દ્ર આશાભાઈ પટેલ વિગેરે
૧૨, બિન્દેશપાર્ક સોસાયટી સામે,
વાઘોડીયા રોડ, વડોદરા.

(૨) મે.ભગીરથ ડેવલોપર્સ પેઢી તર્ફે અને વતી વ.ક.
શ્રી પુરૂષોતમ અમથાભાઈ વાઘેલા વિ.
૪,રવિરાજ સોસાયટી,
ન્યુ સમા રોડ, વડોદરા.

નકલ રવાના :-

૧. નકલ રવાના :
માલમતદારશ્રી વડોદરા શહેર તરફ (૨ પ્રતમાં)
એક પ્રત તાલુકા નમુના નં. ૪માં ઉપજ તથા દંડની નોંધ કરાવી ગામ દફતરે રાખવા મોકલવા તથા વિ. ધારાની રકમ તારીખ ૧/૮/૨૦૦૭ થી નવા દર પ્રમાણેના હિસાબો સાધવા તથા ગામે તાલુકા ન. નં.–૨ તથા ૭/૧૨ માં વિ. ધારાની નોંધ કરાવવા અને નિયમ પ્રમાણે આગળની તજવીજ કરવા સારૂ.

૨. નકલ રવાના :
જિલ્લા નિરિક્ષકશ્રી,જમીન દફતર, વડોદરા તરફ

૩. નકલ રવાના :
સીટી સર્વે સુપ્રિ.શ્રી વડોદરા યુનિટ નં.–૪ તરફ (કામના કાગળો સહ )
આગળની જરૂરી કાર્યવાહી થવા સારૂ.

૪. નકલ રવાના :
સ.ઓ. / સર્વેયર , મામલતદારશ્રી બીનખેતી ની કચેરી,વડોદરા તરફ

૫. નકલ રવાના :
નાયબ નગર આયોજન અધિકારીશ્રી નર્મદાભવન, વડોદરા

૬. નકલ જયભારત સહ રવાના :
મ્યુનિસિપલ કમિશનરશ્રી,
વડોદરા મહાનગર સેવા સદન, વડોદરા તરફ

AATM PREMI GROUP
PARTNER